Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

૧૩ જુન, ૨૦૨૦/૬૨૬૬

શ્રી નીતિનભાઇ પટેલ
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય

**વિષયઃ ટેક્ષટાઇલ પોલીસી ૨૦૧૨ અંતર્ગત સ્થાપેલ યુનિટસ તથા એક્સપાન્શન કરેલ યુનિટને જીએસટીના નાણાં તાત્કાલિક આપવા અંગે.**

**માનનીયશ્રી નીતિનભાઇ,**

આપની કુશળતા ઇચ્છુ છું.

અમારા સભ્ય એસોસીયેશન મસ્કતી કાપડ માર્કેટ મહાજન તરફથી અમોને તા. ૧૧-૬-૨૦૨૦ ના રોજ રજૂઆત પત્ર મળેલ છે જે આપની જાણ સારુ અત્રે બિડાણ કરેલ છે. પત્રમાં જણાવ્યા મુજબ ટેક્ષટાઇલ પોલીસી ૨૦૧૨ અંતર્ગત જીએસટીની સહાયની યોજના છે જેમાં એકમોને સ્થાપેલ યુનિટમાં જે મશીનરી ૧૦૦% ગ્રોસ રકમે લીધેલ છે તેને જીએસટીની રકમ ૮ વર્ષમાં પરત કરવાના થાય છે. આ સહાય અંગે એસોસીયેશનના ઘણાં યુનિટોને ઉદ્યોગ કમિશ્નરની કચેરીમાં બે અલગ-અલગ સર્ટિફીકેટના ક્લેઇમો આપ્યા હોવા છતાં તેમને આજદિન સુધી જીએસટીના નાણાં પરત મળેલ નથી.

પત્રમાં જણાવ્યા મુજબ આ યુનિટો દ્વારા જુદી તારીખના બે જુદા જુદા સર્ટિફીકેટ ઉદ્યોગ કમિશ્નર દ્વારા આપવામાં આવેલ છે તેમ અને આ બાબતે ઉદ્યોગ કમિશ્નર તરફથી નાણા ખાતામાં પણ આ રકમો કયા સર્ટિફીકેટોમાં કેટલી રકમ બાદ લેવી તેનું માર્ગદર્શન નાણાં ખાતામાંથી મેળવવા અંગે રજૂઆતો પણ કરેલ છે પરંતુ તેમને પ્રત્યુત્તર મળેલ નથી આથી ટેક્ષટાઇલ પોલીસી અંતર્ગત તેમને સમયસર લાભ મેળવવામાં મુશ્કેલી પડે છે.

આપશ્રી જાણો છો તેમ હાલમાં ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રી **COVID-19** ની મહામારીના કારણે ખૂબજ આકરા સમયમાંથી પસાર થાય છે ત્યારે આ જીએસટીની નાણાં સહાય ટેક્ષટાઇલ એકમોને સમયસર મળી રહે તો તેમને આ મુશ્કેલીમાંથી બહાર આવવામાં તેમને મોટી મદદ મળી રહેશે.

આ રજૂઆતને ધ્યાનમાં લઇ ટેક્ષટાઇલ યુનિટોને ટેક્ષટાઇલ પોલીસી ૨૦૧૨ અંતર્ગત બાકી રહેલ જીએસટી નાણાંની ચૂકવણી તાત્કાલિક કરાવવા સૂચના આપવામાં આવે તેવી આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

દુર્ગેશ બુચ
*પ્રમુખ*

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના :**

૧. **શ્રી અનિલ મુકીમ (IAS)**, ચીફ સેક્રેટરી, ગુજરાત રાજ્ય
૨. **શ્રી પંકજ જોષી (IAS)**, અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, ગુજરાત રાજ્ય
૩. **શ્રી એમ. કે. દાસ (IAS)**, અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત રાજ્ય
૪. **શ્રી ડૉ. રાહુલ ગુપ્તા (IAS)**, *માનનીય ઉદ્યોગ કમિશ્નરશ્રી,* ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.

# Maskati Cloth Market Association
## મસ્કતી કાપડ માર્કેટ મહાજન

સ્થાપના : સને ૧૯૦૬

President : Gaurang Ramprasad Bhagat | Vice President : Kantilal Bhanwarlal Kothari | Hon. Secretary : Nareshkumar Ramgopal Sharma | Jt. Hon. Secretary : Jitendrakumar Lalbhai Shah | Treasure : Kumarpal Himatmal Jain


**MARKET ANALYSIS & ARBITRATION COMMITTEE (MAAC)**

(Sub. Committee of Mahajan Managing Committee)

Kantilal Sanghvi (Convener)

તારીખ:૧૧-૬-૨૦૨૦

પ્રતિ,
પ્રમુખશ્રી
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
આશ્રમરોડ,
અમદાવાદ:

**વિષય:** ટેક્ષટાઈલ પોલીસી-૨૦૧૨ ધરાવતા એક યુનિટ તથા એકસ્પાન્શન થયેલ યુનિટનો બંન્ને સર્ટીફીકેટોમાં GSTનાં નાણાં તત્કાલ આપવા અંગે.

---

મે.સાહેબ,

સવિનય ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે ઈન્ડસ્ટ્રીને વધુ વેગ આપવા બાબતે સરકારશ્રી દ્વારા ટેક્ષટાઈલ પોલીસી ૨૦૧૨માં જણાવ્યા મુજબ પ્લાન્ટ-મશીનરીનાં ગ્રોસ રોકાણ પૈકી આઠ ભાગ કરી આઠ વર્ષમાં GST ની રકમ પરત આપવાની થાય છે, આ રકમ પરત મળે તે માટે બન્ને સર્ટીફિકેટનાં કલેઈમો ઈન્ડસ્ટ્રી કમિશ્નરશ્રીની કચેરીમાં અલગ અલગ કલેઈમો આપવા છતાં આજદીનસુધી GST નાં નાણાં પરત મળેલ નથી, આપ જાણો છો કે આવા કપરા સમયમાં ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીને સહકાર આપવા આ અંગે તત્કાલ નિર્ણય લઈ અમારા મેમ્બરોને આ લાભો મળે તે અંગે રજુઆત કરવા આપને વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સહ,

ગૌરાંગ ભગત.

( ગૌરાંગ ભગત )
પ્રમુખ
મસ્કતી કાપડ મહાજન

GCCI
12 JUN 20..
Inw. No.....437.........


Reg. Off. 42, Maskati Cloth Market, Railwaypura, Ahmedabad-380 002. Ph. : 079 - 22135342
E-mail : maskatimahajan1906@gmail.com - www.maskaticlothmahajan.org
Admin Off. Maskati Mahajan Hall, 2nd Floor, Gate No. 2, New Cloth Market, Ahmedabad-380 002. Ph. : 079 - 22172232